ધૂળેટીનો રંગ, આશીર્વાદ સાથે સેવાનો સંગમઃ

જામનગરના શ્રી એમ.પી. શાહ મ્યુનિ. વૃદ્ધાશ્રમમાં પૂર્વ મંત્રી હકુભા દ્વારા વડીલજનો સાથે અનોખો રંગોત્સવ

(તસ્વીરઃ નિર્મલ કારીયા)

જામનગર તા. ૭: ધુળેટીના પર્વ ઉપર "માવતરો"ના પ્રેમ અને આશીર્વાદની છાંયે દર વર્ષની પરંપરા પ્રમાણે જામનગરના શ્રી એમ.પી. શાહ મ્યુનિસિપલ વૃદ્ધાશ્રમમાં આ વર્ષે પણ ધુળેટીની રંગારંગી ઉજવણીનો દિવસ સમાજસેવા અને સંસ્કૃતિનો સુભગ સમન્વય સમાન બની રહ્યો. હોવાનું પૂર્વ મંત્રી ધર્મેન્દ્ર સિંહ મેરૂભા જાડેજા (હકુભા)એ જણાવ્યું હતું

હકુભા જાડેજા તેના પરિવારના સભ્યો તરીકે પૂજ્ય મુરબ્બીઓને તહેવારોમાં જલેબી અને ગાંઠિયાનો અલ્પહાર કરાવેલ હતો. અને સાથે અબીલ-ગુલાલ રમતી વખતે તેમના ચહેરે ખીલતી મુસ્કાન, તેમના હાથમાંથી મળતા આશીર્વાદ, અને સંયુક્ત હર્ષોલ્લાસે આ ધુળેટીના તહેવારને ખરા અર્થમાં રંગમય બનાવ્યો હતો.

ભારતીય સંસ્કૃતિમાં લોકપર્વોની પવિત્રતા એ જીવનને સંપૂર્ણતા આપે છે પરિવારની સભ્યની જેમ આપણા વડીલજનો સાથેની આ ધુળેટી એ સેવા અને સંસ્કારની જીવંત મિસાલ બની જાય છે.

એમ.પી.શાહ ટ્રસ્ટ દ્વારા આવા નિરાધાર વયોવૃદ્ધોને સાથ આપવાની પ્રેરણાદાયી પહેલ એ જ સમાજનું સાચું શૃંગાર છે. સંસ્કૃતિના રક્ષક અને સમાજના સેવક તરીકે, આપણે દરેકે યથાશક્તિ વૃદ્ધાશ્રમો, નિરાધારો અને દુઃખીયો સાથે ખુશીઓની લહેર ફેલાવીએ. આ સેવાના કાર્યમાં તેમની સાથે તેમના મિત્ર અમિતભાઈ ખાખરીયા જોડાયા હતા.

પૂર્વમંત્રી હકુભા જાડેજા છેલ્લા ૧૧ વર્ષથી વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધો સાથે ધુળેટીના પર્વની પરિવાર સાથે આવીને ઉજવણી કરે છે. વૃદ્ધો સાથે સંવાદ કરી આત્મીયતાનો નાતો જોડે છે. તે આજની યુવા પેઢીને પ્રેરણારૂપ બને છે.

જિલ્લા કલેક્ટર સમક્ષ લેખિતમાં રજૂઆતઃ

હાથણી બંધ પ્રાથમિક શાળાથી રાજકોટ માર્ગનો નવાગામનો રસ્તો ખૂલ્લો કરો

જામનગર તા. ૭: જામનગરના હાથણી વિસ્તાર, નવાગામ (ઘેડ) સીમાડાનો માર્ગ ખુલ્લો કરવા અંગે જિલ્લા કલેક્ટર સમક્ષ લેખિત રજૂઆત કરવાં આવી છે.

કોર્પોરેટર રચનાબેન નંદાણિયાની આગેવાનીમાં રજૂઆતમાં જણાવ્યું છે કે, હાથણી બંધ વાડી વિસ્તાર નવાગામ (ઘેડ) માં અનેક લોકો વસવાટ કરે છે. અહિંનો જામનગર સાથે જોડતો માર્ગ વર્ષોથી સમસ્યા છે, પરંતુ વર્ષો પહેલા રેલવે લાઈન સુવિધા ઉપલબ્ધ કરવાનું આ માર્ગ બંધ છે.

આ પછી ગામ લોકો દ્વારા લાગુ પડતા ખેતરના શેઢા પર વૈકલ્પિક માર્ગ તરીકે ઉપયોગ કરતા હતાં, પરંતુ આ ખેતરો રાજકોટ-ઓખા-હાઈ વે, બેડીબંદર તરફના રસ્તામાં આવતા ખેતરોનું જમીન સંપાદન થતા અને હાલ અહિં રોડનું કામ ચાલુ હોવાથી વૈકલ્પિક રસ્તો બંધ થયો છે.

આવી સ્થિતિમાં એક માત્ર માર્ગ છે તે નવાગામ (ઘેડ) ના સિમાડાનો, પરંતુ સિમાડાને લાગુ પડતા ખતરોના માલિકો આ માર્ગ ખુલ્લો કરવાની ના પાડે છે અને આ માર્ગ ખાનગી હોવાનું જણાવે છે, પરંતુ બન્ને ગામના સિમાડા વચ્ચે ૧૪ ફૂટનો ગાડા માર્ગ છે. હાલ તો ૩૦૦ થી વધુ લોકોની અવરજવર બંધ થવા પામી છે. ચોમાસામાં આ વિસ્તાર વિખુટો પડી જાય છે.

હાથણી પ્રાથમિક શાળાની રાજકોટ સ્ટેટ હાઈ-વે સુધીનો નવાગામ (ઘેડ) નો માર્ગ ખુલ્લો કરવામાં આવે તો સમસ્યાનું સમાધાન થઈ શકે તેમ છે. આથી સત્વરે આ અંગે યોગ્ય નિર્ણય કરવો જોઈએ.

આગામી રવિવારે તા. ૮ મી માર્ચે યોજાશે

ધ્રોળમાં મહારાણા પ્રતાપ વસતિના વિરાટ સંગઠન સંમેલન

ધ્રોળ તા. ૬: ધ્રોળમાં આગામી રવિવાર, તા. ૮ મી માર્ચે રેવનાથ મહાદેવ મંદિરના પટાંગણમાં સાંજે ૪ વાગ્યે મહારાણા પ્રતાપ વસતિના વિરાટ સંગઠન સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. આ હિન્દુ સંમેલન પ્રસંગ પંચમુખી હનુમાન મંદિરના મહંત સુખદેવ દાસજી ત્યાગી, બોટાદના આત્માનંદ સરસ્વતી મહારાજ, રામનાથની જગ્યાના મહંત ચંદ્રભુષણ ત્યાગી, આરએસએસ (રાજકોટ) ના કાર્યવાહ નિકુંજભાઈ ખાંટ, અધ્યક્ષસ્થાને ચંદ્રકાંતભાઈ વલેરા વિગેરે ઉપસ્થિત રહેશે. આ આયોજનમાં સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ થશે તેમજ સમાજસેવકોનું સન્માન કરવામાં આવશે.

સમગ્ર આયોજનને સફળ બનાવવા જતીનભાઈ અનડકટ, ભવેશભાઈ, માનસીંગભાઈ ડામોર વિગેરે જહેમત ઊઠાવી રહ્યા છે.

કલા મહાકુંભમાં એસ.જી. હરિઆ સ્કૂલના છાત્રોની ઝળહળતી સિદ્ધિ

જામનગર તા. ૭: તાજેતરમાં ગુજરાત સરકાર આયોજિત કલા મહાકુંભમાં જામનગરની એસ.જી. હરિઆ સ્કૂલના છાત્રો વિવિધ સ્પર્ધામાં વિજેતા થયા હતાં અને શાળાનું ગૌરવ વધાર્યું હતું.

જેમાં લોકનૃત્ય અને રાસ સ્પર્ધામાં દ્વિતીય સ્થાને, ઓરગન પ્લેયર સ્પર્ધામાં ત્રીજા સ્થાને, સુગમ સંગીતમાં પ્રથમ અને તૃતીય સ્થાને, લોકગીતમાં દ્વિતીય સ્થાને શાળાના સ્પર્ધક છાત્રો વિજેતા થયા હતાં. ઓશવાળ એજ્યુ. ટ્રસ્ટ પરિવાર, શાળાના આચાર્ય વિગેરેએ અભિનંદન આપ્યા હતાં.

શાસક પક્ષો અને વિપક્ષોના સાંસદોને વ્હીપ અપાયા

સોમવારથી શરૂ થનારા સંસદીય સત્રની શરૂઆતમાં સ્પીકર સામે અવિશ્વાસનો પ્રસ્તાવ

નવી દિલ્હી તા. ૭: સોમવારથી સંસદનું સત્ર શરૂ થઈ રહ્યું છે, જેમાં પ્રથમ દિવસે જ સ્પીકર વિરૂદ્ધ પ્રસ્તાવ આવી રહ્યો હોવાથી શાસક-વિપક્ષ આમને-સામને છે. સાંસદોને વ્હીપ અપાયા છે. જો કે, સરકાર રાહુલ ગાંધી સામે વિશેષાધિકાર ભંગની નોટીસ નહીં આપે, તેમ જાણવા મળે છે.

રાહુલ સામે વિશેષાધિકાર ભંગની નોટીસ નહીં લાવે સરકાર

બજેટ સત્રનો બીજો તબક્કો સંસદમાં ૯ માર્ચથી શરૂ થશે અને ૨ એપ્રિલ સુધી ચાલુ રહેશે. ભાજપ અને કોંગ્રેસ બંનેએ તેમના લોકસભા સાંસદોને ૯ માર્ચથી ૧૧ માર્ચ સુધી ગૃહમાં હાજર રહેવા માટે ત્રણ લાઈનનો વ્હીપ જારી કર્યો છે.કોંગ્રેસે તેના સાંસદોને આ દિવસોમાં ગૃહમાં હાજર રહેવા કહ્યું છે કારણ કે અધ્યક્ષને હટાવવાના પ્રસ્તાવ પર ચર્ચા થવાની સંભાવના છે. ભાજપે પણ તેના સાંસદોને હાજર રહેવાનો નિર્દેશ આપ્યો છે.

વિપક્ષે સ્પીકર ઓમ બિરલાને પદ પરથી હટાવવા માટે પ્રસ્તાવની નોટિસ રજૂ કરી છે. ૧૧૮ વિપક્ષી સાંસદોએ પ્રસ્તાવ પર હસ્તાક્ષર કર્યા છે. જોકે, તૃણમૂલ કોંગ્રેસના ૨૯ સાંસદોએ નોટિસ પર હસ્તાક્ષર કર્યા નથી. એવો આરોપ છે કે સ્પીકરે ગૃહની કાર્યવાહી ચલાવવામાં પક્ષપાતી અભિગમ અપનાવ્યો અને વિપક્ષી નેતાઓને બોલવાની તક આપી નહીં.

નિયમો અનુસાર, લોકસભામાં સ્પીકરને હટાવવાનો પ્રસ્તાવ સરળ બહુમતીથી પસાર થાય છે. એનડીએ પાસે હાલમાં ૨૯૦ થી વધુ સાંસદોનું સમર્થન છે, જેના કારણે પ્રસ્તાવ પસાર થવો મુશ્કેલ બને છે. પ્રસ્તાવ પર ચર્ચા દરમિયાન સ્પીકર પોતે ગૃહનું અધ્યક્ષપદ સંભાળશે નહીં, પરંતુ તેમને પોતાના મંતવ્યો રજૂ કરવાનો અને મતદાન કરવાનો અધિકાર રહેશે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, સરકાર ગૃહમાં રાહુલના ભાષણ માટે વિશેષાધિકાર ભંગની નોટિસ લાવશે નહીં. પ્રિયંકા ગાંધીએ વળતો પ્રહાર કર્યો, મોદીજીની છાતી પદ ઈંચ માપવામાં આવી હતી. તેમની સામે પણ પ્રસ્તાવ લાવવો જોઈએ.

પશ્ચિમ રેલવે
રાજકોટ ડિવિઝન
રનિંગ લાઈન્સની સુધારણા અને અપગ્રેડેશનના સંબંધમાં OHE મોડિફિકેશન કામ
ટેન્ડર નોટીસ નં. ડીબ્લ્યુએમ/આરજેટી/ઈ-ટેન્ડર/ઓએચ/ડીબ્લ્યુડી/૨૫-૨૬/૦૧R3
તારીખ : ૦૩.૦૩.૨૦૨૬
કામનું નામઃ રાજકોટ ડિવિઝનના ચોકાનેર યાર્ડ (કિલ્ટ-1 સેક્શન) ની પૈસેન્જર રનિંગ લાઈન્સની સુધારણા અને અપગ્રેડેશનના સંબંધમાં OHE મોડિફિકેશન કામ. કામની પડતર : ₹ ૫૬,૪૫,૨૫૬.૬૨/- ફક્ત. અર્નેસ્ટ મનીઃ IREPS મુજબ ઓનલાઈન ભરણ કરવાની છેલ્લી તારીખ અને સમયઃ તા.૨૫-૦૩-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી ઓફિસનું સરનામું : ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ/ ટ્રેકશન), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-૩૬૦૦૦૧. વેબસાઈટ વિગત : www.ireps.gov.in RJT-208
અમને ફોલો કરોઃ X x.com/WesternRly

બાબજી ગ્લાસ
મો. ૯૮૨૪૮ ૯૨૪૧૧
બાબજી એલ્યુમિનીયમ
મો. ૯૪૨૭૯ ૪૩૩૫૨
એલ્યુમિનીયમ તથા ગ્લાસ મળશે.
ધણશેરી, જામનગર

સાંસદ પૂનમબેન માડમ દ્વારા

સલાયા રોડ પર અંડરબ્રિજના અટકેલા કામ અંગે નવેસરથી પ્લાન-નકશો બનાવવા સૂચના

(તસ્વીરઃ મુકેશ મોકરીયા)

નવા નકશા પ્રમાણે કામ થશે એટલે રેલવે ફાટક પાસેના દુકાનદારોને રાહતની આશા

ખંભાળિયા તા. ૭: સલાયા રોડ પર કરોડોના ખર્ચે અંડરબ્રિજ રેલવે તંત્ર દ્વારા બની રહ્યો હોય, તે કામ હાલ બંધ હોય, તથા આ કામ પૂર્ણ થવામાં અંડરબ્રિજનો છેડો મિલન ચાર રસ્તા પરના રોડ સુધી ખૂબ જ આગળ આવતા દુકાનદારો, લોકોને પ્રશ્ન થતા હોય, સાંસદ પૂનમબેન માડમ દ્વારા રેલવેના ઉચ્ચ ઈજનેરો તથા અધિકારીઓને બોલાવીને તેમની સાથે બેઠક ગોઠવીને તથા અસરકર્તાની રજૂઆતો પરથી નવો પ્લાન-નકશો સુધારા સાથે બનાવવા આદેશ કર્યો હતો.

આ પ્રશ્ન હલ થવાથી રેલવે ફાટક પાસેના લોકો તથા આગેવાનોએ ફટાકડા ફોડીને આનંદ વ્યક્ત કરી સાંસદનો આભાર વ્યક્ત કર્યો હતો, જેમાં અગ્રણી તથા લાયન્સ ક્લબ પ્રમુખ પરબતભાઈ ગઢવી વિગેરે આગેવાનો જોડાયા હતાં.

રેલવે અંડરબ્રિજનું કામ ઝડપથી ચાલુ કરીને પૂર્ણ કરે તે માટે પણ સૂચના આપવામાં આવી હતી. ખંભાળિયાના ધારાસભ્ય તથા રાજ્યના પૂર્વ મંત્રી મૂળુભાઈ બેરા ઉપસ્થિત રહ્યા હતાં.

૧૨ વર્ષ પહેલાં કરાઈ હતી ફરિયાદઃ

બ્યુટીપાર્લરના ક્લાસીસના નામે છેતરપિંડી કરવા અંગે બે મહિલા સહિત ત્રણનો છૂટકારો

જામનગર તા. ૭: જામનગરના એક મહિલાએ ૧૨ વર્ષ પહેલાં રૂ.૨ લાખ ૬૨ હજારની છેતરપિંડી કરવા અંગે ચાર વ્યક્તિ સામે પોલીસમાં ફરિયાદ કરી હતી. તે કેસ ચાલી જતાં અદાલતે ત્રણ આરોપીનો છૂટકારો ફરમાવ્યો છે. જામનગરના દક્ષાબેન વિનોદભાઈ નંદા નામના મહિલા પાસેથી શક્તિ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ નામનું ટ્રસ્ટ બતાવી મનસુખ રામભાઈ ઝણકાત, જ્યોત્સનાબેન વિજયભાઈ સેંડે, દીપક ભરતભાઈ દેવગણીયા, ઉર્મિલાબેન ભગવાનજી પરમાર નામના વ્યક્તિઓએ વર્ષ ૨૦૧૪માં રૂ.૨ લાખ ૬૧ હજાર મેળવ્યા હતા.

ત્યારપછી આ વ્યક્તિઓ સામે દક્ષાબેન નંદાએ છેતરપિંડી આચરવા અંગે ફરિયાદ કરતા પોલીસે ગુન્હો નોંધ્યો હતો. આ કેસ ચાલી જતા અદાલતે આરોપી મનસુખ રામભાઈ, જ્યોત્સનાબેન સેંડે, ઉર્મિલાબેન પરમારનો છૂટકારો ફરમાવ્યો છે. આરોપીઓ તરફથી વકીલ હિતેશ સોનગરા, ચિરાગ સોનગરા રોકાયા હતા.

:: જાહેર ચેતવણી::

આથી આ જાહેર ચેતવણીથી સર્વેને જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત ફોટાવાળો ખુશાલ નાનુભાઈ ચુડાસમા મારો પુત્ર થાય છે, તે ઘણાં દિવસ થયા અમારા ઘરેથી તેના પત્ની અને ત્રણ બાળકોને મેલી ચાલ્યો ગયેલ છે, ઉપરોક્ત મારો પુત્ર આડી લાઈન ઉપર ચાલ્યો ગયેલ હોય, તેની સાથે અમારે કોઈપણ જાતનો વહેવાર છે નહીં અને તેની સાથે કોઈએ કોઈપણ જાતની પૈસાની કે અન્ય કોઈ વહેવાર કરવો નહીં અને જો કરવામાં આવશે તો તેની કોઈ જવાબદારી અમારી રહેશે નહીં, જેની આથી સર્વેએ સ્પષ્ટ નોંધ લેવી

જામનગર
તા.૦૭-૦૩-૨૦૨૬
લિ. નાનુભાઈ બાબુભાઈ ચુડાસમા
(પીતા, જામનગર) ૯૪૨૭૭૭૪૦૮૭

એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ જામનગર(ગ્રામ્ય)ની કોર્ટમાં
જ.મ.એ.-૧૯૬૯ કેસ નં. ૩૬/૨૦૨૬

(૧) શ્રી પ્રવિણગીરી ધરમગીરી ગોસ્વામી,
રહે:-જામનગર તા.જિ.-જામનગર ... અરજદાર
::વિરૂદ્ધ::
(૧) જન્મ/મરણ નોંધણી અધિકારી તલાટી કમ મંત્રીશ્રી,
નવાનાગના, તા.જિ.-જામનગર ... સામાવાળા

:: જાહેર નોટીસ ::

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત અરજદારશ્રી પ્રવિણગીરી ધરમગીરી ગોસ્વામીએ તેઓના પુત્રનો કલ્પેશગીરી પ્રવિણગીરી ગોસ્વામી જન્મ તા.૨૦/૦૧/૧૯૮૬ના રોજ મોજે: નવા નાગના તા.જિ.જામનગર તા.જિ.-જામનગર મુકામે થયેલ હોવાનું તથા જેની નોંધ સામાવાળાના દફતરે કરવાની રહી ગયેલ હોય અત્રેની એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ જામનગર(ગ્રામ્ય) તાલુકાની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી સદરહું અરજી દાખલ કરેલ છે. જે અરજી સામે કોઈ શખ્સ કે સંસ્થાને વાંધો કે તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયે દિન-૨૧માં અત્રેની કોર્ટમાં રૂબરૂ કે વકીલ મારફત લેખિતમાં વાંધો તેમજ પુરાવા સાથે હાજર રહેવું અન્યથા આગળ યોગ્ય ન્યાયિક હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ રોજ તા. ૨ /૦૩/૨૦૨૬ રોજ મારી સહિ તથા કોર્ટના સિક્કા સાથે.

કોર્ટની સિક્કો
એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ
જામનગર (ગ્રામ્ય)

:: જાહેર નોટીસ ::

આથી આ જાહેર નોટીસથી સર્વેને જાણ કરવામાં આવે છે કે, શ્રી ગુજરાત રાજ્યના શહેર જામનગરમાં મહાનગરપાલિકાની હદમાં શંકરટેકરી જી.આઈ.ડી.સી. ફેસ-૧ માં આવેલ રે.સ.નં. ૧૪૮૧/૨ ના પ્લોટ નં. ૩૪૮/૧૨ ક્ષેત્રફળ ચો.મી ૨૩૫.૦૩ વાળી તમામ હયાત બાંધકામ સહિતની જગ્યા **સનરાઈઝ મેટલ એન્ડ કંપનીના પ્રો. રામપ્રસાલ કેસરીમાલ કાબરા**ની લીઝ હોલ્ડરાઈટ થી માલિકી કબજા ભોગવટાની આવેલ છે. તેઓ પાસેથી આ તમામ હયાત બાંધકામ સહિતની જગ્યા સંપૂર્ણ ટાઈટલ ક્લીયરની શરતે અઘાટ વેંચાણ લેવા મારા અસીલે સુંથી આપીને સમજુતી કરેલ છે. તો આ જગ્યા પરત્વે કોઈપણ સરકારી, અર્ધસરકારી, વ્યકિત, સંસ્થા, પેઢી, બેંક કે અન્ય કોઈનું કોઈપણ પ્રકારનું લેણું, હક્ક, હિસ્સો, હિત, સંબંધ, બોજો, દરદાવો, લાગભાગ કે લીયન હોય કે આ વેંચાણ આપનારની માલિકી કે ટાઈટલ અંગે કે આ વેંચાણ વ્યવહાર સામે કોઈપણ વાંધો, તકરાર હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયેથી **દિવસ - ૧૦ (દસ)** માં લેખિત રીતે આધાર પુરાવા સાથે નીચેના સરનામે જણાવશો.

જો નિયત સમયમાં કોઈપણ તરફથી વાંધો, તકરાર લેવામાં નહીં આવે તો કોઈને કોઈપણ વાંધો, તકરાર નથી અથવા (વેઈવ) જતાં કરેલ છે. તેમ ગણી શુદ્ધબુદ્ધિના ખરીદનાર તરીકે મારા અસીલ તેમના જોગનું ડીડ ઓફ એસાઈમેન્ટ કરાવી લેશે અને ત્યારબાદ કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર ચાલશે નહી અને તે મારા અસીલને શુદ્ધબુદ્ધિના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહી કે તેની કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહી જેની સર્વેએ સ્પષ્ટ નોંધ લેવી.

જામનગર
તા.૦૭-૦૩-૨૦૨૬
રાજેશ બી. પંડ્યા - એડવોકેટ
તે અમારા અસીલની સૂચનાથી...

:: અમારા મારફત ::
રાજેશ બી. પંડ્યા - એડવોકેટ
૧૨૮, માધવ દર્શન કોમર્શિયલ કોમ્પ્લેક્ષ, ક્રિકેટ બંગલા પાછળ, લાલબંગલા રોડ, જામનગર :: મો. ૯૮૨૫૩ ૭૬૭૭૮

:: જાહેર નોટીસ ::

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામને જાહેર કરવામાં આવે છે કે, શ્રી ગુજરાત રાજ્યના જિલ્લા તાલુકા જામનગર, શહેર જામનગર મહાનગર પાલિકાની હદમાં હાપા રેલવે સ્ટેશન તથા હાપા ઉદ્યોગનગર નજીક જામનગર નગરસીમના રે.સ.નં. ૪૨૦ પૈકી જે જામનગર વિસ્તાર વિકાસ સત્તામંડળના ટી.પી.સ્કીમ નં. ૩/અ ના મૂળ ખંડ નંબર-૨૪, ફાઈનલ પ્લોટ નંબર-૫૪ માં સમાવેશ થાય છે. તે ટી.પી.સ્કીમ બાદ આ જગ્યા ઔદ્યોગિક હેતુમાં સમાવેશ થાય છે.

તે રે.સ.નં. ૪૨૦ પૈકી બીનખેતીના લે-આઉટ પ્લાન મુજબ પાડવામાં આવેલ પ્લોટો પૈકી પ્લોટ નંબર-૧ જેનું કુલ એકંદર ક્ષેત્રફળ ૫૦૮.૦૦૬૨ ચો.મી. થાય છે. તથા પ્લોટ નંબર-૨/૨ જેનું કુલ એકંદર ક્ષેત્રફળ ૨૩૬.૮૮ ચો.મી. થાય છે. તે બંને પ્લોટમાં ઔદ્યોગિક હેતુસરનું બાંધકામ આવેલ છે. તે પ્લોટ નંબર-૧ તથા પ્લોટ નંબર-૨/૨ વાળી બાંધકામ સહીતની જગ્યા જેના હાલના માલિકો (૧) શ્રી મહેન્દ્રકુમાર કલ્યાણજીભાઈ પોપટ તથા (૨) પ્રફુલાબેન જયંતીલાલ પોપટની સંયુક્ત માલિકી તથા કબજા ભોગવટાની આવેલ છે. અને તે પ્લોટ નંબર-૧ તથા પ્લોટ નંબર-૨/૨ વાળી જગ્યા તેઓ પાસેથી અમારા અસીલે ખરીદ કરવા સમજુતી કરેલ છે.

ઉપરોક્ત મિલકતોના ઉત્તરોત્તર દસ્તાવેજો પૈકી મધુસુદન મસાલા મીલ ભાગીદારી પેઢી જોગ જગદીશચંદ્ર વેકુંઠરાય ધોળકીયાએ અનું.નં. ૨૭૨૭, તા.૧૬/૦૯/૧૯૮૫ ના દિવારનો રજી.વેચાણ દસ્તાવેજ અસલ હાલના માલિકો પાસેથી ગુમ થયેલ છે. જે ઘણી શોધખોળ કરવા છતાં મળી આવતા નથી. અને તેનો અમારા અસીલે કોઈ દુર ઉપયોગ કે ગેર ઉપયોગ કરેલ નથી તેવુ તેમનું જણાવવાનું છે.

વાસ્તે આ જાહેર નોટીસની જાણ કરવાની કે, ઉપરોક્ત અસલ રજી.વેચાણ દસ્તાવેજ કે ઉપરોક્ત બંને પ્લોટો વાળી મિલકતો સંબંધે કોઈનો તે સંબંધેનો વાંધો હકક્ત આવેલ હોય કે કોઈ વ્યકિત, પેઢી કે કોઈ સરકારી, અર્ધસરકારી સંસ્થાનો બેંકનો કે કોઈનું કોઈપણ પ્રકારનું લેણુ કરજ કે લોન આવેલ હોય, કે અન્ય કોઈનું આ મિલકતમાં હિત સમાયેલ હોય કોઈનો અગ્રહક્ક આવેલ હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયે દિવસ-૮ (આઠ) માં લેખિત આધાર પુરાવા સાથે નીચે જણાવેલ એડ્રેસ પર રજુ કરવા મુદત દરમ્યાન આવા કોઈ તરફથી વાંધાઓ રજુ નહી થાય તો એમ માનવામાં આવશે કે કોઈનો વાંધો તકરાર આવેલ નથી અથવા હોય તો જતા (વેઈવ) કરેલ છે તેમ માની ઉપરોક્ત મિલકતો સંબંધેની આગળની કાર્યવાહી આગળ ધરવામાં આવશે ત્યારબાદ આવેલા વાંધાઓ પ્રત્યે કોઈપણ પ્રકારનો લક્ષ આપવામાં આવશે નહી જેની આથી સર્વેએ લાગતા વળગતાએ નોંધ લેવી.

જામનગર
તા. ૦૭-૦૩-૨૦૨૬
:: અમારા મારફત ::
જિતેન્દ્ર પી. વડનગરા - એડવોકેટ
૩૫૪, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર :: મોઃ ૯૪૨૬૨ ૩૩૪૫૯

:: જાહેર નોટીસ ::

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામને જાહેર કરવામાં આવે છે કે, શ્રી ગુજરાત રાજ્યના ડિસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ જામનગરના શહેર જામનગરમાં ખંભાળીયા નાકા બહાર, નાગરપરા, શેરી નંબર-૧ માં આવેલ જામનગર સિટી સરવે કચેરીના વોર્ડ નંબર-૧૪, શીટ નંબર-૪૨૨, સિટી સર્વે નંબર-૮૯૮ વાળી જગ્યા ઉપર "પોપ્યુલર એપાર્ટમેન્ટ" નામનું રહેણાંક હેતુસરનું બિલ્ડીંગ બાંધવામાં આવેલ છે તે "પોપ્યુલર એપાર્ટમેન્ટ" બિલ્ડીંગના ફર્સ્ટ ફ્લોર ઉપર ફ્લેટ નંબર-૧ જેનુ ક્ષેત્રફળ ૬૦.૨૦ ચોરસ મીટર થાય છે. તે ફ્લેટ નંબર-૧ વાળી મિલકત રક્ષાબેન માર્કંડરાય માંકડ તથા કીશોરીબેન માર્કંડરાય માંકડ એ અનુક્રમ નં. ૧૪૭૭૬, તા. ૩૦/૧૨/૨૦૦૮ વાળા રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી સંયુક્ત રીતે ખરીદ કરેલ. ત્યારબાદ કિશોરીબેન માર્કંડરાય માંકડ નું તા.૦૪/૦૧/૨૦૨૦ ના રોજ અપરણિત અવસાન થતા તેમના આડીલીટીના વારસદારોમાં ૧. રક્ષાબેન માર્કંડરાય માંકડ, ૨. જયંતરાય માર્કંડરાય માંકડ, ૩. હેમાક્ષીબેન માર્કંડરાય માંકડ વા/ઓ કિશોર છત્રાલીયા, ૪. જોગેન્દ્રભાઈ માર્કંડરાય માંકડ (અવસાન) ૫. મુકેશભાઈ માર્કંડરાય માંકડ, ૫. સંધ્યાબેન માર્કંડરાય માંકડ વા/ઓ જતીનભાઈ બુચ તથા જોગેન્દ્રભાઈ માર્કંડરાય માંકડના સીધીલીટીના વારસદારોમાં માધવી જોગેન્દ્રભાઈ માંકડ આવેલ.

આમ આ ફ્લેટ નંબર-૧ વાળી મિલકત ૧. રક્ષાબેન માર્કંડરાય માંકડ, ૨. જયંતરાય માર્કંડરાય માંકડ, ૩. હેમાક્ષીબેન માર્કંડરાય માંકડ વા/ઓ કિશોર છત્રાલીયા, ૪. મુકેશભાઈ માર્કંડરાય માંકડ, ૫. સંધ્યાબેન માર્કંડરાય માંકડ વા/ઓ જતીનભાઈ બુચ ૬. માધવી જોગેન્દ્રભાઈ માંકડની સંયુક્ત માલિકી તથા કબજા ભોગવટાની આવેલ છે. તેઓ પાસેથી અમારા અસીલ ખરીદ કરવા સમજુતી કરેલ છે. અને સુથી/અવેજની રકમ ચુકવેલ છે.

ઉપરોક્ત મિલકતોના ઉત્તરોત્તર દસ્તાવેજો પૈકી "પોપ્યુલર બિલ્ડર્સ" ના ભાગીદારી પેઢીના ભાગીદારોએ કિરીટકુમાર ગીરધરલાલ કનખરા જોગ અનું.નં. ૩૭૭૪, તા.૦૬/૦૭/૧૯૯૨ ના દિવારનો રજી.વેચાણ કરાર દસ્તાવેજ અસલ અમારા હાલના માલિકો પાસેથી ગુમ થયેલ છે. જે ઘણી શોધખોળ કરવા છતાં મળી આવતા નથી. અને તેનો અમારા અસીલે કોઈ દુર ઉપયોગ કે ગેર ઉપયોગ કરેલ નથી તેવુ તેમનું જણાવવાનું છે.

વાસ્તે આ જાહેર નોટીસની જાણ કરવાની કે, ઉપરોક્ત અસલ વેચાણ કરાર દસ્તાવેજ કે ઉપરોક્ત મિલકત સંબંધે કોઈનો તે સંબંધેનો વાંધો હકક્ત આવેલ હોય કે કોઈ વ્યકિત, પેઢી કે કોઈ સરકારી, અર્ધસરકારી સંસ્થાનો બેંકનો કે કોઈનું કોઈપણ પ્રકારનું લેણુ કરજ કે લોન આવેલ હોય, કે અન્ય કોઈનું આ મિલકતમાં હિત સમાયેલ હોય કોઈનો અગ્રહક્ક આવેલ હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયે દિવસ-૮ (આઠ) માં લેખિત આધાર પુરાવા સાથે નીચે જણાવેલ એડ્રેસ પર રજુ કરવા મુદત દરમ્યાન આવા કોઈ તરફથી વાંધાઓ રજુ નહી થાય તો એમ માનવામાં આવશે કે કોઈનો વાંધો તકરાર આવેલ નથી અથવા હોય તો જતા (વેઈવ) કરેલ છે તેમ માની ઉપરોક્ત મિલકતો સંબંધેની આગળની કાર્યવાહી આગળ ધરવામાં આવશે ત્યારબાદ આવેલા વાંધાઓ પ્રત્યે કોઈપણ પ્રકારનો લક્ષ આપવામાં આવશે નહી જેની આથી સર્વે એ લાગતા વળગતાએ નોંધ લેવી.

જામનગર
તા. ૦૭-૦૩-૨૦૨૬
તે અમારા અસીલની સૂચનાથી
:: અમારા મારફત ::
જિતેન્દ્ર પી. વડનગરા - એડવોકેટ
૩૫૪, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર :: મોઃ ૯૪૨૬૨ ૩૩૪૫૯